North West London Collaboration of Clinical Commissioning Groups

# તમારી સંભાળમાં સુધારો કરવા માટે તમારી માહિતીની વહેંચણી

નોર્થ વેસ્ટ લંડન હેલ્થ એન્ડ કેર પ્રોફેશનલ્સ તમને સેવા આપવા માટે સાથે મળીને કાર્ય કરી રહ્યા છે. તેમાં સંકળાયેલા લોકો તમારા વિશે સંબંધિત માહિતી જોઇ શકે છે, જેથી તમને સંયુક્ત સારવાર મળી શકે જે અનેક સંગઠનોમાં ઉપલબ્ધ છે. જે સુનિશ્ચિત કરે છે કે જ્યારે તમે તમારા જીપી પ્રેક્ટિસ, હોસ્પિટલની મુલાકાત લો અથવા તમારી કોમ્યુનિટીમાં કે ઘરે મદદ મેળવો ત્યારે તમારી સંભાળ રાખનારા પ્રોફેશનલ્સ જેવા કે તમારા જીપી, હોસ્પિટલના ડોક્ટર, ડિસ્ટ્રીક્ટ નર્સ કે સામાજીક કાર્યકર્તા પાસે ખરા સમયે તમારા વિશે ખરી માહિતી ઉપલબ્ધ હોય.

## આ કેવી રીતે થશે?

નોર્થ વેસ્ટ લંડનના સંયુક્ત ઇંટિગ્રેટેડ કેર પ્રોગ્રામના ભાગરૂપે હેલ્થ એન્ડ સોશિયલ કેર સંગઠનો તમને વધુ સારી સેવા આપવા માટે તમારી સંભાળ વિશે સંબંધિત માહિતી વહેંચી રહ્યા છે.

## ઇંટિગ્રેટેડ કેર રેકર્ડ શું છે?

ઇંટિગ્રેટેડ કેર રેકર્ડ એ હેલ્થ એન્ડ સોશિયલ કેર વિશેની માહિતી એક છત્ર હેઠળ લાવવાની રીત છે.  આ માહિતી દર્દીઓ માટે તમારો ઇંટિગ્રેટેડ કેર રેકર્ડ તૈયાર કરવા માટે જોડવામાં આવશે.

તમારી સંભાળમાં પ્રત્યક્ષ રીતે જોડાયેલા કેર પ્રોફેશનલ્સ માટે તમારી મેડિકલ કેર અથવા સોશિયલ કેર વિશેની ભૂતકાળની જાણકારી મેળવવાનું શક્ય બનશે. એટલે કે તમારી મંજૂરી લઈને, તમારી સારવારમાં જોડાયેલ સ્ટાફ તમારા જીપીએ તમને કઈ દવાઓ લખી આપી છે, અથવા તમે તાજેતરમાં હોસ્પિટલની કોઇ મુલાકાત લીધી છે કે નહીં તે વિશેની માહિતી જોઇ શકશે.

**જો તમે તમારા માટે ઇંટિગ્રેટેડ હેલ્થ રેકર્ડ તૈયાર થાય તેમ ન ઇચ્છતા હો તો, તમારે તમારા જીપીને જણાવવાનું રહેશે.**

## કઈ કઈ માહિતી વહેંચવામાં આવશે?

તમારા વિશે વહેંચવામાં આવેલી માહિતીમાં સમાવેશ થાય છે:

• તમારી સંભાળને લગતી સ્વાસ્થ્ય અને સુખાકારી અંગેની માહિતી.

• એનએચએસ નંબર.

• ઉંમર.

• સંપર્કની વિગતો.

• નજીકના સગા.

• દવાઓ અને એલર્જી.

• એપોઇન્ટમેંટ્સ, સારવાર અને સંભાળ.

• તમારી સંભાળને લગતી સામાજીક અથવા માનસિક સ્વાસ્થ્યને લગતી માહિતી.

• બ્લડ ટેસ્ટ, લેબોરેટરી ટેસ્ટ, એક્સ-રે જેવા પરીક્ષણોના પરિણામો.

• જીપી અને હોસ્પિટલ રેકોર્ડ્સ.

## મારી માહિતી આપવાથી અને ઇંટિગ્રેટેડ કેર રેકર્ડથી મને કેવી રીતે લાભ થશે?

ઇંટિગ્રેટેડ કેર રેકોર્ડથી જીપી, હોસ્પિટલો, ડોક્ટરો, કોમ્યુનિટી સેવાઓ, સામાજીક સંભાળ અને માનસિક સ્વાસ્થ્ય સેવા પ્રદાતાઓ વધુ સારી રીતે એકસાથે કામ કરી શકશે.

તમારો ઉપચાર કરનારા પ્રોફેશનલ્સ એકસાથે તમારી સંભાળનું સંપૂર્ણ ચિત્ર જોઇ શકશે. આનાથી એ સુનિશ્ચિત થશે કે:

• તમારે તમારી ભૂતકાળની માહિતી માત્ર એક જ વખત જણાવવી પડશે.

• તમારે બિનજરૂરી અપોઇન્ટમેંટ્સ લેવાની અને પરીક્ષણો કરાવવાની જરૂર નહીં પડે.

• તમે તમારી સંભાળ અંગેના નિર્ણયોમાં વધુ સહભાગી બની શકો છો.

## શું ખૂબ જ અંગત માહિતી એકઠી કરવામાં આવશે?

અમે એવી કોઇપણ માહિતી એકઠી નહીં કરીએ જે કાયદાકીય રીતે "સંવેદનશીલ" ગણાતી હોય. તેમાં ગર્ભપાત, બળાત્કાર, લિંગ પરિવર્તન અને કૌટુંબિક સગા સાથે શારિરીક સંબંધ વિશેની માહિતીનો સમાવેશ થાય છે.

**જો તમે કોઇ માહિતી વિશે ચિંતિત હો અને વહેંચવા ન માંગતા હો તો, તમારા જીપી સાથે વાત કરો.**

## મારા વિશેની માહિતી કોણ કોણ જોઇ શકશો?

• હેલ્થ એન્ડ સોશિયલ કેર પ્રોફેશનલ્સ જેવા કે જીપી, હોસ્પિટલના ડોક્ટરો, નર્સ અને તમારી સંભાળમાં પ્રત્યક્ષ રીતે સંકળાયેલા સામાજિક કાર્યકરો.

• તમારી અપોઇન્ટમેંટ્સ અથવા તમારા ઇલાજની વ્યવસ્થા કરનાર સહાયક સ્ટાફ.

• તમારી મંજૂરી લઈને, તમને શ્રેષ્ઠ સંભાળ આપી શકાય તે માટે તમારા નિદાન, સારવાર અને સંભાળ અંગે ચર્ચા કરવા માટે હેલ્થ એન્ડ સોશિયલ કેર ટીમ.

## શું મારો ઇંટિગ્રેટેડ કેર રેકર્ડ મારી કંપની સાથે વહેંચવામાં આવશે?

ના. તમારો ઇંટિગ્રેટેડ કેર રેકર્ડ માત્ર તમારી સંભાળ સાથે સંકળાયેલા લોકો સાથે જ વહેંચવામાં આવશે.

ડેટા પ્રોટેક્શન એક્ટ મુજબ તમામ સંગઠનોએ એ સુનિશ્ચિત કરવું પડે છે કે તેઓ વ્યક્તિને ગંભીર નુકસાન અથવા માનસિક યાતના પહોંચાડે તેવી માહિતી જાહેર ન કરે. નોર્થ વેસ્ટ લંડનમાં સંયુક્ત સંભાળમાં જોડાયેલા તમામ સેવા સંગઠનોએ કાયદાકીય નિયમ મુજબ કોઇપણ માહિતી જાહેર કરતાં પહેલાં તેની ચકાસણી કરી છે તે સુનિશ્ચિત કરવું પડે છે.

## મારી માહિતી કોઇ ખોટા હાથોમાં નહીં જાય તેની ખાતરી તમે કેવી રીતે આપી શકો?

તમારી માહિતીનો ગેરકાનૂની રીતે ઉપયોગ થતો અટકાવવા માટે અમે કેટલાક મુખ્ય સુરક્ષાત્મક પગલાં લીધાં છે.

- તમારો ઇંટિગ્રેટેડ કેર રેકોર્ડ મેળવવા માટે "રોલ આધારિત એક્સેસ" દ્વારા કડક નિયંત્રણ રાખવામાં આવે છે. એટલે કે જે હેલ્થ એન્ડ કેર પ્રોફેશનલ તમારી સંભાળમાં જોડાયેલા છે, તેઓ તમારી મંજૂરી લીધા બાદ જ તમારો રેકોર્ડ મેળવી શકે છે. તેઓ એ જ માહિતી જોઇ શકશે જે તેમનું કામ કરવા માટેની જરૂરિયાત પૂરતી મર્યાદિત હોય. દાખલા તરીકે,

સામાજીક સંભાળકર્તા તમારી ચિકિત્સા નોંધો વાંચી શકશે નહીં કારણકે તમને સેવા આપવા માટે તેમણે આ વાંચવાની જરૂર નથી.

- અમારા ડેટા વેરહાઉસ, કે જ્યાં તમારી માહિતી સંગ્રહ કરવામાં આવશે, ત્યાં તમામ આધુનિક રાષ્ટ્રીય સુરક્ષા માપદંડ નિયમોનું પાલન થાય છે.  આ સિસ્ટમમાં બિલ્ટ-ઇન ઓડિટિંગ ફીચર્સ છે જે તમારા ડેટાની આપ-લેની નોંધ રાખે છે, જેથી સેવા સંગઠન એ ધ્યાન રાખી શકે કે કોઇપણ વ્યક્તિ અયોગ્ય રીતે તમારો રેકોર્ડ મેળવી ન લે.

તમારો ઇંટિગ્રેટેડ કેર રેકોર્ડ કોણ મેળવી શકે તેનું સંપૂર્ણ નિયંત્રણ તમારા હાથમાં છે. તમારી માહિતી કોણ જોઇ શકશે અને કોણ નહીં તે તમે નક્કી કરી શકો છો.

## શું હું અમુક ચોક્કસ લોકોને મારો ઇંટિગ્રેટેડ કેર રેકોર્ડ જોતાં અટકાવી શકું?

હા, જો તમે ચોક્કસ સેવાઓ કે વ્યક્તિઓ તમારો ઇંટિગ્રેટેડ કેર રેકોર્ડ ન જુએ તેમ ઇચ્છતા હો, તો તેઓ જ્યારે તમને સેવા આપતા હોય ત્યારે તમે ખૂબ સહેલાઇથી આ માહિતી જોવાની મંજૂરી આપવાની મનાઇ કરી શકો છો.

કેર પ્રોફેશનલ્સને તમારો ઇંટિગ્રેટેડ કેર રેકોર્ડ જોતાં પહેલાં તમારી મંજૂરી લેવા માટે તાલીમ આપવામાં આવશે જેથી તમે સહમત છો કે નહીં તે નક્કી કરવાની તમને તક મળશે.

## જે ખાનગી કંપનીઓ સામાજીક સંભાળ આપે છે તેઓ મારી માહિતી જોઇ શકશે?

તમને સંભાળ આપવા માટે જેની સાથે કોન્ટ્રાક્ટ કરવામાં આવ્યો છે એવી તમામ ખાનગી કંપનીઓ કે એજન્સીઓ સાથે તમારા ઇંટિગ્રેટેડ કેર રેકોર્ડમાંથી કોઇ માહિતી વહેંચવી કે નહીં તે તમે નક્કી કરી શકો છો.

કંપની અને તેમનો સ્ટાફ જે પણ માહિતી જોઇ શકશે તે તમને સંભાળ સેવાઓ આપવા માટેની જરૂરિયાત પૂરતી જ મર્યાદિત હશે.

**તમારી માહિતી વ્યાવસાયિક હેતુઓ માટે વહેંચવામાં કે વેચવામાં નહીં આવે.**

## મારી માહિતી કઈ રીતે સુરક્ષિત રાખવામાં આવે છે?

તમારી માહિતી ડેટા પ્રોટેક્શન એક્ટ 1998 હેઠળ સુરક્ષિત રાખવામાં આવે છે, એટલે કે તમારી અંગત માહિતી તમારી સંભાળ માટે મદદરૂપ થવા ઉપયોગમાં લેવામાં આવશે. તેને કોઇ અન્ય વ્યક્તિને વહેંચવામાં કે વેચવામાં નહીં આવે.

## Care.Data કરતાં આ કઈ રીતે અલગ છે?

Care.data એ રાષ્ટ્રીય કાર્યક્રમ છે અને નોર્થ વેસ્ટ લંડનના ઇંટિગ્રેટેડ કેર રેકોર્ડ્સ પ્રોગ્રામ કરતાં અલગ છે. આ માહિતી નોર્થ વેસ્ટ લંડનમાં સંયુક્ત ઇંટિગ્રેટેડ કેરના ભાગરૂપે વહેંચવામાં આવી રહી છે અને ઇંટિગ્રેટેડ કેર રેકોર્ડ એ ખાસ સ્થાનિક

ઉપયોગ માટે છે અને તેનો રાષ્ટ્રીય કાર્યક્રમના ભાગરૂપે ઉપયોગ કરવામાં આવશે નહીં.

## તમે કદાચ અન્ય એનએચએસ ઉપક્રમો વિશે પણ સાંભળ્યુ હશે

સમરી કેર રેકોર્ડ એ ઇલેક્ટ્રોનિક રેકોર્ડ છે જેમાં દર્દીઓની એલર્જી, દવાઓ અને આડઅસરો સહિતની માહિતી રહેલી છે. તેને જીપી સિસ્ટમ્સમાંથી મેળવવામાં આવે છે જેને દર્દીની સંભાળમાં સંકળાયેલા હેલ્થ પ્રોફેશનલ્સ જોઇ શકે છે.

સમરી કેર રેકોર્ડ એ જીપી સાથે નોંધાયેલા તમામ દર્દીઓ માટેનો રાષ્ટ્રીય કાર્યક્રમ છે.

તમે કોઇપણ સમયે આ કાર્યક્રમ છોડી શકો છો, અને ઇંટિગ્રેટેડ કેર રેકોર્ડની જેમ, દરેક વખતે તમારા કેર પ્રોફેશનલ દ્વારા આ માહિતીનો ઉપયોગ કરતાં પહેલાં તમારી સહમતિ લેવામાં આવશે. તમારા સમરી કેર રેકોર્ડ વિશેની માહિતી માત્ર જાણવાની-જરૂરિયાતના આધારે જ મેળવી શકાય છે. એક જ સ્થળે માહિતીનો સંગ્રહ કરવાથી ઇમર્જન્સીના સમયે અથવા જ્યારે જીપી પ્રેકટિસ બંધ હોય ત્યારે હેલ્થકેર સ્ટાફને દર્દીનો ઇલાજ કરવામાં સરળતા રહે છે.

## હું મારી સંમતિ ક્યાં અને કેવી આપું

સંભાળના સમયે સંમતિ આપવામાં આવે છે. ટીમમાં રહેલા કેર પ્રોફેશનલ્સ જેમાં અલગ અલગ સારવાર ક્ષેત્રોનાં સહકાર્યકરો જેવાં કે વરિષ્ઠ નર્સો, કન્સલ્ટન્ટ ફિઝિશિયન્સ, જેરિયાટ્રિશન્સ, પીડિયાટ્રિશન્સ અને સાઇક્રિયાટિસ્ટ્સ તથા તેમની સાથે કામ કરતાં કોમ્યુનિટી નર્સો, થેરપિસ્ટ્સ, ફાર્માસિસ્ટ્સ, સાઇકોલોજિસ્ટ્સ, સામાજીક કાર્યકરો અને અન્ય સ્ટાફનો સમાવેશ થાય છે. તેઓ ઇમર્જન્સી સિવાય તમારી સીધી મંજૂરી લેવામાં ન આવે ત્યાં સુધી તમારો રેકોર્ડ જોઇ શકશે નહીં.

## શું હું મારો ઇંટિગ્રેટેડ કેર રેકોર્ડ જોઇ શકીશ?

દર્દીઓ પોતે પોતાનો ઇંટિગ્રેટેડ કેર રેકોર્ડ સહેલાઇથી જોઇ શકે તે માટે અમે પ્રતિબદ્ધ છીએ અને અમે એક વેબસાઇટ તૈયાર કરવા માટે નોર્થ વેસ્ટ લંડનમાં રહેલા અમારા સહભાગીઓ સાથે મળીને કામ કરી રહ્યા છીએ જેથી તમે લોગ ઓન કરીને માહિતી વાંચી શકશો. આ કામ 2016 દરમિયાન થશે.

## જે લોકો અભણ હોય અથવા શીખવા સક્ષમ ન હોય તેવા લોકો તેમની માહિતી વહેંચવાનો નિર્ણય લઈ શકે તે માટે તમે કેવી રીતે મદદ કરશો?

અભણ અથવા શીખવા સક્ષમ ન હોય તેવા લોકો પાસેથી કોઇપણ સંમતિ યોગ્ય રીતે મેળવવામાં આવે અને દર્દીનો રેકોર્ડ ડેટા પ્રોટેક્શન એક્ટ 1998 હેઠળ કાયદાકીય રીતે પ્રાપ્ત કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા, તેવા લોકોની મદદ કરતાં સંભાળકર્તાઓ માટે પહેલાંથી જ સંગઠનની નીતિઓ અને પ્રક્રિયાઓ તૈયાર કરવામાં આવી છે.

જે વ્યક્તિ નિર્ણય લઈ શકવાની ક્ષમતા ધરાવતી ન હોય તેમના વતી નિર્ણયો લેવા માટેની સામાન્ય જરૂરિયાતો લાગુ પડશે.

## શું મારો ઇંટિગ્રેટેડ કેર રેકોર્ડ તૈયાર કરવો અને મારી માહિતી વહેંચવી જરૂરી છે?

તેનો અધિકાર તમારો છે. તમે 'ભાગ ન લેવાનું' પસંદ કરી શકો છો એટલે કે તમે ઇંટિગ્રેટેડ કેર રેકોર્ડ તૈયાર નહીં કરવાનો અને તમારી માહિતી નહીં વહેંચવાનો નિર્ણય કરી શકો છો.

સામાન્ય રીતે, જો તમે તમારી માહિતી વહેંચવા રાજી હો તો, તમે નીચેની બાબતો વિશે સંમતિ આપશો:

- તમારા વિશેની માહિતી તમારી સંભાળ રાખનારા હેલ્થ એન્ડ કેર પ્રોફેશનલ સાથે વહેંચવામાં આવે છે.
- તમારું નામ જાહેર કર્યા વિના (તમારી અંગત માહિતી જણાવ્યા વિના) આ માહિતી દરેકને માટે સ્થાનિક સેવાઓનું આયોજન કરવા અને સંભાળમાં સુધારો કરવા માટે હેલ્થ એન્ડ સોશિયલ કેર સંગઠનો સાથે વહેંચવામાં આવે છે.
- હેલ્થ એન્ડ સોશિયલ કેર પ્રોફેશનલ્સ તમને પ્રત્યક્ષ સેવા આપવા માટે જ તમારા વિશેની માહિતી જોઇ શકે છે.
- તમારા વિશેની માહિતી ખાનગી કંપનીઓને વેચવામાં આવશે નહીં.
- હેલ્થ એન્ડ કેર પ્રોફેશનલ્સે તમારી જાણકારી સુરક્ષિત રાખવી ફરજિયાત છે.

**તમે અન્ય લોકોને તમારી માહિતી જોતાં રોકવા માટે કોઇપણ સમયે તમારો નિર્ણય બદલી શકો છો અથવા 'ભાગ ન લેવાનું' પસંદ કરી શકો છો. જો તમે આમ કરવા માંગતા હો તો, કૃપા કરી તમને સેવા આપનારા તમારા હેલ્થ અથવા કેર સંગઠનને જણાવો.**

## ધ્યાનમાં રાખવાલાયક બાબતો

અમારો ઉદ્દેશ્ય દર્દીઓને પોતાની માહિતી વહેંચવાનો અને તેના પર નિયંત્રણ રાખવાનો અધિકાર આપવાનો છે. તમારી માહિતી વહેંચતી વખતે તમારે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જોઇએ:

• તમારે તમારી તમામ માહિતી વહેંચવાની જરૂર નથી; કોણ શું જોઇ શકશે તે તમે નિયંત્રિત કરી શકો છો.

• જો તમે તમારી માહિતી મિત્રો કે પરિવારજનોને આપી હોય તો પણ તમારી પાસે તેઓ શું જોઇ શકે તે નિયંત્રિત કરવાનો વિકલ્પ છે.

• જો તમને તમારા રેકોર્ડમાં કોઇ ભૂલ જણાય તો, જલ્દીથી તમારા સંભાળકર્તાનો સંપર્ક કરો.

## સેવામાં સહાય અને તેમાં સુધારો

નોર્થ વેસ્ટ લંડનના લોકો માટે સ્થાનિક સેવાઓનું આયોજન કરવા અને તેમાં સુધારો કરવા માટે તમારી અંગત માહિતી સિવાય કેટલીક માહિતી સુરક્ષિત રીતે હેલ્થ એન્ડ સોશિયલ કેર સંગઠનો સાથે વહેંચવામાં આવશે. તમારું નામ જાહેર કર્યા

વિનાની આ માહિતી સંભાળ આપવામાં અને આયોજન કરવામાં મદદરૂપ થાય છે. અમારા દ્વારા તમને આપવામાં આવેલી સેવાઓની ગુણવત્તાનું નિરીક્ષણ કરવામાં પણ મદદરૂપ થાય છે.

## વધુ જાણકારી મેળવવા માંગો છો?

જો તમે વધુ જાણકારી મેળવવા માંગતા હો તો કૃપા કરી:

• તમારી સંભાળ રાખનાર તમારા હેલ્થ અથવા કેર પ્રોફેશનલ સાથે વાત કરો.

• ઇમેલ કરો: share4care@nhs.net

• મુલાકાત લો: www.integration.healthiernorthwestlondon.nhs.uk